**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૩ ટકા



ગાંધીનગરમાં હજુ સુધી વાવણીલાયક વરસાદ થયો નથી છતાં પાટનગરના ખેડૂત દ્વારા ખેતરમાં કરાતી વાવણીનું આ દશ્ય વિચારતા કરી મૂકે તેવું છે. ક્યાં સુધી વરસાદની રાહ જોઈને બેસી રહેવું તેવું વિચારીને કામે વળગેલ ખેડૂત પાસે વાવણી માટે જે ટાંચા સાધનો છે તેનો ઉપયોગ કરી આકરી ગરમીમાં પણ બાજરીનું વાવેતર કરવાનો વિકલ્પ અપનાવ્યો છે. વડાપ્રધાને વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે પરંતુ વાસ્તવિકતા એ છે કે ખેડૂતો ખેતી છોડી શહેર તરફ દોડ મુકી રહ્યાં છે. જો ખેડૂતનો દિકરો ખેતી કરતો હોય તો તેને કોઈ બાપ દિકરી પરણાવવા તૈયાર થતો નથી. ખેડૂતોની નવી પેઢી ઝડપભેર ખેતીથી વિમુખ થઈ રહી છે. ત્યારે સવાલ એ થાય છે કે 'જો ખેડૂતો ખેતી કરવાનું બંધ કરી દેશે તો આપણે ખાવા માટે અનાજ લાવીશું ક્યાંથી ?'

# સેકટર-૨૪ ચાર રસ્તા પાસે છુટા હાથની મારામારીના દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૨૨

શહેરમાં ચોરીના બનાવો તો વધી જ રહ્યા છે પરંતુ સાથે સાથે હમણાંના મારામારીના બનાવોમાં પણ વધારો થઈ રહ્યો છે. નાના નાના આ બનાવોને લીધે શહેરની શાંતિમાં જાણે વિક્ષેપ પડી રહ્યો છે. તેમાં પણ સેકટર-૨૪માં છાસવારે આ પ્રકારની ઘટનાઓ ઘટતી રહે છે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ ચોકડી ખાતે સાંજના સુમારે મારામારીની ઘટના બનવા પામી હતી. રૂપીયાની ઉઘરાણી લઈને થયેલી મારામારી જોવા માટે નાગરીકો ના ટોળા ઉમટ્યા હતા. જયારે ચાર રસ્તા પર થયેલા આ ઝઘડાને પગલે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. તો બીજી તરફ પોલીસને સ્થળ પર હાજર કારમાંથી બે બોટલ મળી આવ્યો હતો. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે સામસામે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ પેથાપુર ન્યુ સાંજરી એવન્યું ખાતે રહેતા અરશત મતિ ઉલ્લાહ મનસુરીની ફરીયાદ મુજબ તેની પત્ની એ ઉછીના આપેલા રૂપીયાની ઉઘરાણી અંગે ફોન કરતા પેથાપુર ગુરૂકૃપા એપાર્ટમેન્ટ ખાતે રહેતા ઈરફાન ઈનાયત સમાએ ગાળાગાળી કરી હતી. ફોન અશરતે લેતા ૨૪ ચોકડી આવી જવા માટે કહ્યું હતું. જયાં પહોંચતા ઈરફાન અને તેનો ભાઈ ઈમરાન તેને ડંડાથી મારવા લાગેલા અને વચ્ચે પડેલા નાસીરભાઈને પણ તેને માર માર્યો હતો. તો બીજીતરફ સામે પક્ષો ઈરફાનની ફરીયાદ મુજબ અરશતે પૈસાની ઉઘરાણી માટે ફોન કરી ઘરનાને ઉઠાવીને હત્યા કરવાની ધમકી આપી ૨૪ ચોકડી બોલાવ્યો હતો. જેને અનુલક્ષી ત્યાં પહોંચેલા ઈરફાન અને ઈમરાનને અરશત સહિતના ત્રણ અન્ય શખ્સોએ ધોકા વડે માર માર્યો હતો. રવિવારની મોડીસાંજના સુમારે સેકટર-૨૪ ચોકડી ખાતે થઈ રહેલી મારામારીના દ્રશ્યોને પગલે પોલીસ સ્થળ પર પહોંચી જતા પોલીસ તમામને લઈને સેકટર-૨૧ ખાતે આવી પહોંચી હતી. પોલીસે બંન્ને પક્ષે સામ-સામે કુલ ત્રણ શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. પોલીસે અરશત મતિઉલ્લાહ મનસુરીની જી.જે.૦૧.કે.એ.-૧૭૯૨ નંબરની કાર ચેક કરતા અંદરથી દારુની બે નંગ બોટલ મળી આવી હતી. જેને પગલે કાર અને દારૂ મળી કુલ રૂ. ૬૦,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે અરશત સામે અલગથી દારૂનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**શહેરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા કિશોરકુમારના ગોલ્ડન ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યોએ ભાગ લીધો હતો.**









ગાંધીનગરના સેકટર-૪માં એપ્રોચ રોડ પરની ફુટપાથ પર છેલ્લા ૧૦થી વધુ દિવસથી એક વૃક્ષ આડું પડયું છે. જેને કારણે ત્યાંથી પસાર થઈ રહેલા રાહદારીઓને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યુ છે. આ વૃક્ષના થડને સત્વરે ત્યાંથી ખસેડવામાં આવે તેવી સ્થાનિક રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

**@ગાંધીનગર**

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન કસુંબી ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન લેખીની માર્જનીના કલાત્મક હિંડોળાના દર્શન યોજાશે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરની માસિક કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને અનુસૂચિત જાતિને સ્પર્શતા સામાજીક તેમજ શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સકારાત્મક કાયદો અને વ્યવસ્થા તંત્ર અત્યાચાર નિવારણ કાયદાનો સંવેદના સહ અમલ કરે અને દુબનાવો બનતા અટકે, ગુનાઓ ફાસ્ટ ટ્રેક અદાલતમાં ચલાવી કાયદેસર કાર્યવાહી કરી કાયદાની જોગવાઈ અનુસાર ઉદાહરણીય શિક્ષા કરવી જોઈએ જેવી બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. મિટીંગની વ્યવસ્થા નારાયણભાઈ પરમાર દ્વારા અને સંચાલન મહામંત્રી વિરચંદભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.




બે કે ત્રણ દિવસ પહેલા જ બિરસામુંડા ભવન ખાતે 'સૌની દિવાલ' બની છે. જયાં સૌ કોઈ ચીજવસ્તુ બોકસમાં મુકી અને લઈ જઈ શકે છે. આ દિવાલ રમકડાં, બુટ ચંપલ, માટલાં, કપડાં વગેરે વસ્તુઓથી ભરાઈ ગઈ છે અને તે જરૂરીયાતમંદ કયારે લઈ જાય તેની રાહ જોઈ રહી છે.

# સિવિલના કર્મચારીઓની ટી.બી. તપાસનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા ક્ષયકેન્દ્ર, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા તમામ કર્મચારીની ટીબીની તપાસ કરવામાં આવશે. સાથે સાથે ડાયાબીટીસ, બ્લડપ્રેશરની તપાસ કરવામાં આવશે. વ્યનસ અંગેની પુછપરછ કર્યા બાદ વ્યસન મુકિત અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. આ તપાસ દરમિયાન ટીબીના શંકાસ્પદ દર્દીઓનું સીબીનાર ટેસ્ટ તેમ એકસરે કરવામાં આવશે. હાલમાં રાજદીપ એજન્સીના તમામ કર્મચારીઓની ટીબી તપાસ અંગેનું સ્કીનીંગ ચાલુ કરાયું છે. ત્યારબાદ તબક્કા પ્રમાણે સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા તમામ



કર્મચારીઓનું ટીબી અંગેનું સ્ક્રીનીંગ કરવામાં આવશે. આ તપાસમાં ૧૦૦૦થી વધુ કર્મચારીની તપાસ કરવામાં આવશે.

જિલ્લા ક્ષય અધિકારી ડૉ. એમ.બી. ચૌહાણે વધુમાં જણાવ્યુ હતું કે આ ટીબીની તપાસ કરવાનો હેતુ સમગ્ર ભારતમાંથી વર્ષ ૨૦૨૫માં ટીબી નાબુદ કરવાનો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ટીબી નાબૂદ અભિયાન અંતર્ગત ટીબી નાબૂદી કાર્યક્રમની શરૂઆત કરેલ છે. હાલમાં ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર સીટી વિસ્તાર અને માણસા તાલુકાને ટીબી ફ્રી તાલુકા તરીક પસંદગી થયેલ છે. જે અંતર્ગત આ બે તાલુકામાં ટીબી જાગૃતિ અંગેની કામગીરી કરવામાં આવી રહી છે જે અંતર્ગત એજયુકેશન સંસ્થામાં પણ ટીબી જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવે છે.


# બેંક ઓફ બરોડાના ૧૧૨મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૨

બેંક ઓફ બરોડા ગાંધીનગર દ્વારા બેંકના ૧૧મા સ્થાપના દિન નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર બીઓબી બેંકના ૧૧૧મા સ્થાપના દિન નિમિત્તે વિધાનસભાના શાળા પ્રાંગણથી ૧૧૨ બલુન ઉડાડીને બાઈક રેલી યોજાઈ હતી. ગાંધીનગરમાં દરેક શાખામાં તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પર્યાવરણની જાળવણીના ભાગરૂપે ૧૧૨ રોપાનું વિતરણ કરીને વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ સામાજીક પ્રવૃત્તિના ભાગરૂપે નગરની ત્રણ શાખાઓમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં રેડક્રોસના સહયોગથી કુલ ૧૧૨ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે દિવસ દરમિયાન રીજીયોનલ હેડ મનીષ પલણ દ્વારા નગરની સિવિલ હોસ્પિટલમાં ફુટકીટનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત સે-૧૬ની અંધશાળાના બાળકોને ટુવાલ તથા ચાદરનું વિતરણ અને અંધશાળામાં પંખાનું દાન અપાયું હતું. સાંજે બેંક ઓફ બરોડા ગાંધીનગર ક્ષેત્ર દ્વારા કર્મચારીઓ પેન્શનરો તથા તેમના પરિવારની હાજરી વચ્ચે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બેંક કર્મચારીઓ દ્વારા રંગોળીથી સજાવટ કરવામાં આવી હતી.દિવસ દરમિયાન બેંકના જનરલ મેનેજર અર્ચના પાંડે, ચીફ લર્નીંગ હેડ પંકજ જાની, રીજીયોનલ મેનેજર મનીષ પલણની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સોમવારના રોજ વિકલાંગ સહાયતા કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં અત્યાર સુધી સૌથી વધારે ૬૬૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# હોટ અલ્ટ્રા મેરેથોનમાં શહેરના રનર્સને મળ્યો ફિનીશર મેડલ

ગાંધીનગર, તા.૨૨

ઈન્ડિયન રનર્સ દ્વારા રવિવારે રાત્રે બાર વાગ્યાથી સવારના નવ વાગ્યા સુધી વિવિધ પ્રકારની હોટ અલ્ટ્રા મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.




અત્યંક ઉકળાટભર્યા વાતાવરણમાં આ મેરેથોન યોજાઈ હતી જે દોડવી કઠીન હતી. અલ્ટ્રા મેરેથોનના ૫૩ કિમી રનિંગમાં રમેશબાબુ ગટ્ટુએ ભાગ લીધો હતો. જયારે ૧૦ કિમી રનિંગમાં જગત કારાણી, સંજય થોરાત, ડૉ. વિજ્ઞા ઓઝા, ડૉ. વિવેક ત્રિવેદી, મંથન ઓઝાએ ભાગ લીધો હતો. માત્ર દસ વર્ષની ગાથા ઓઝાએ પાંચ કિમીમાં ભાગ લીધો હતો. આ સર્વે રનર્સને ફિનીશર્સનો આકર્ષક મેડલ મળ્યો હતો.

અમદાવાદ રિવર ફ્રન્ટ પર યોજાયેલી આ અલ્ટ્રા મેરેથોનમાં ૫૩ કિમી ૬૦, ૪૨ કિમી ૫૦, ૨૧ કમી ૧૨૫, ૧૦ કિમી ૧૦૦ અને પાંચ કિમી ૫૦ જણાએ ભાગ લઈને આ મેરેથોન પૂર્ણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરના દિલીપ શર્માને સો દિવસની ચેલેન્જમાં ૮૩ દિવસ પૂર્ણ કરતા રન મશીન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર રનર્સ ગ્પે આ સૌ મેરેથોન રનર્સને એમની સિધ્ધિ માટે શુભેચ્છા પાઠવી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો અગિયારમો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૨૦ ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો અગિયારમો યુનિવર્સિટી સ્થાપના દિન તા. ૩૧મી જુલાઈ બુધવારે બપોરે ૧ કલાકે ઈન્ફોસિટીના ઈન્ફિલબનેટ ઓડિટોરિયમ હોલ ખાતે ઉજવાશે. આ પ્રસંગે ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કાર્યક્રમના અધ્યક્ષપદે ઉપસ્થિત રહેશે. આ સાથે અતિથિવિશેષ પદે શિક્ષણ રાજયમંત્રી વિભાવરીબેન દવે, નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ઓપન સ્કુલિંગના અધ્યક્ષ પ્રો. ચંદ્રભૂષણ શર્મા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના મુખ્ય વકતા ભારતીય શિક્ષણ મંડળના સંગઠન મંત્રી મુકુલ કાનિટકર રહેશે. કાર્યક્રમનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ હર્ષદ પ્રા. શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

**ચિરવિદાય**

- સ્વ. હર્ષદભાઈ જયંતિલાલ નાયક, ઉ.વ. ૫૨
- સ્વ. યોગેશ કાન્તિલાલ ફુરકીવાળા, ઉ.વ. ૬૪
- સ્વ. ઠાકોર પ્રહલાદજી રામાજી, ઉ.વ. ૩૮
- સ્વ. મોદી રંજનબેન હર્ષદકુમાર, ઉ.વ. ૫૬